

ગાંધીનગર શહેરની નજીકથી સાબરમતી નદી પસાર થાય છે પરંતુ તેમાં વર્ષના માત્ર એકાદ-બે દિવસ માંડ પાણી હોય છે. આખુ વર્ષ સાબરમતી નદી જાણે રેતીની નદી હોય તેવુ લાગે છે. વર્ષના મોટાભાગના દિવસો સાવ કોરી રહેતી સાબરમતી નદીમાંથી રેતી ચોરીનું મસમોટુ કૌભાંડ ચાલે છે. દિવસ-રાત અહીંથી રેતી માફિયાઓ રેતી ચોરી કરતા હોવા છતાં સરકારી અધિકારીઓના ધ્યાનમાં એ વાત આવતી નથી કે આંખ આડા કાન કરવામાં આવે છે એ સમજાતુ નથી.

### વિદેશ જવાની ઘેલછામાં ફાલતી ગુનાખોરી

# અમેરિકા જવા ઈચ્છુક પરિવાર પર એજન્ટોએ ફાયરિંગ કર્યુ

## દંપતીને અમેરિકા મોકલવા માટે એજન્ટોએ રૂપિયા ૧ કરોડ ૧૦ લાખની વાત કરી, ફાયરિંગ કરનાર એક જબ્બે

ગાંધીનગર, તા.૫

યુએસ-કેનેડા બોર્ડર ક્રોસ કરતી વખતે -૩૫ ડિગ્રી ઠંડીમાં થીજી જતા કલોલના ડિંગુચા ગામનો પટેલ પરિવાર મોતને ભેંટ્યો હતો. ત્યારે અમેરિકાનો મોહ રાખવાનો આવો જ એક બીજો કિસ્સો સામે આવ્યો છે. આ ઘટના પણ કલોલની જ છે. વિગત એવી છે કે, કલોલથી એક દંપતી દિલ્હીથી અમેરિકા જવા માટે રવાનું થયું હતું. આ દંપતી દિલ્હી પહોંચે એ પહેલાં જ એજન્ટોએ કલોલમાં આવીને રૂપિયાની પઠાણી ઉઘરાણી કરી હતી. બાદમાં પટેલ પરિવાર પર ફાયરિંગ કર્યુ હતુ. બાદમાં ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, એક આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, કલોલના પંચવટી વિસ્તારમાં આવેલા મારૂતિ બંગલોમાં રહેતા વિષ્ણુભાઈ માણેકલાલ પટેલ કિરાણા સ્ટોર્સ ચલાવે છે. તેમનો ભત્રીજો વિશાલ અને તેની પત્ની રૂપાલી અમેરિકા જવા માગતા હતા. એટલે તેમના મિત્ર મહેશ વ્યાસે એજન્ટને ઓળખતા હોવાની વાત કરી હતી. એ પછી ગઈ તારીખ ૧૮ જાન્યુઆરીના રોજ વિષ્ણુભાઈએ નારણપુરામાં રહેતા એજન્ટ ઋત્વિક પારેખ અને ચાંદખેડામાં રહેતો એજન્ટ દેવમ ગોપાલભાઈ બ્રહ્મભટ્ટ સાથે એક મીટિંગ કરી હતી.

આ બંને એજન્ટોએ વિષ્ણુભાઈને ખાતરી આપી હતી કે દોઢ મહિનામાં તેઓ દંપતીને દિલ્હીથી અમેરિકા મોકલી આપશે. બંને એજન્ટોએ વિશ્વાસ અપાવ્યો કે, તેઓ દિલ્હીથી ગ્રૂપ તૈયાર કર્યા બાદ સીધા અમેરિકા મોકલી આપે છે. આ દંપતીને અમેરિકા મોકલવા માટે એજન્ટોએ રૂપિયા ૧ કરોડ ૧૦ લાખની વાત કરી હતી. સાથે જ એવું કહ્યું હતું કે, બે દિવસમાં અડધુ પેમેન્ટ આપવાનું રહેશે. બાદમાં બંને પક્ષ વચ્ચે આ ડીલ ફાઈનલ થઈ હતી. ડીલ ફાઈનલ થયા પછી બંને એજન્ટોએ જણાવ્યું કે, ૨૩મી જાન્યુઆરીના રોજ દંપતીની ટિકિટ આવી જશે એટલે દિલ્હી આવવાનું રહેશે.

જો કે, એજન્ટોના કહ્યા મુજબ, ટિકિટ ન આવતા વિષ્ણુભાઈએ એજન્ટને ફોન કર્યો હતો. એ સમયે ઋત્વિક પારેખે જણાવ્યું કે આગળથી ટિકિટનું બુકિંગ બંધ હોવાથી ૨૭ જાન્યુઆરીએ ટિકિટ આવશે. જો કે, એ પછી ૪ ફેબ્રુઆરીની ટિકિટ આવી હતી. એજન્ટે કહ્યું હતું કે દંપતી અમેરિકા પહોંચે એટલે અડધુ પેમેન્ટ આપવાનું રહેશે. પછી બાકીનું પેમેન્ટ દોઢ મહિનામાં પુરૂ કરવાનું રહેશે.

# આપઘાત કરવા કેનાલમાં કૂદી રહેલાં પોલીસકર્મી માટે દેવદૂત બન્યો ગાંધીનગરનો યુવાન

## નોકરી પતાવીને અમદાવાદથી મોડી રાત્રિએ પરત ફરી રહેલા બાઇક ચાલકે નર્મદા કેનાલે પોલીસકર્મીને આપઘાત કરવા પ્રયાસ કરતો નિહાળ્યો : પોતાની સમયસૂચકતા અને અન્ય ટ્રક ચાલકની મદદથી પોલીસ કર્મીનો જીવ બચાવવામાં સફળ

ગાંધીનગર, તા.૦૫

આજકાલ સતત વધતી જતી આત્મહત્યાઓ સમાજ માટે લાલબત્તી રૂપ બની મનોચિકિત્સકો માટે પણ કોયડારૂપ રહી છે. કોઈ સમસ્યાને કારણે ક્ષણિક આવેગમાં આવી પોતાનું જીવન ટૂંકાવી દેતાં નાગરિકો ને જો અણીની ઘડીએ સાચવી લેવાય તો તેમના મનમાંથી આત્મહત્યાના વિચારને દૂર કરી શકાય છે. આવી જ એક ઘટનામાં ગાંધીનગરના સેક્ટર-૬બી ખાતે પ્લોટ નં.૧૧૧/૧માં રહેતા સંદીપ પ્રવિણચંદ્ર જોશી નામના અખબારી કર્મચારી યુવાને ગઈકાલે મોડી રાત્રે પોતાની નોકરીએથી પરત ફરતી વખતે રસ્તામાં નર્મદા કેનાલ ખાતે આપઘાત કરવા કેનાલમાં કૂદી રહેલાં પોલીસ કર્મીનો જીવ બચાવ્યો હતો.

સમગ્ર ઘટનાને સંદીપ જોશીના શબ્દોમાં જ વર્ણવીએ તો તેમના કહેવા મુજબ "ચોથને રાતના બરોબર ૧૨.૩૬ કલાકે એટલે કે વસંતપંચમીની શરૂઆત, મોડી રાત સુધીની અખબારની નોકરીથી છૂટીને હું એ સમયે નર્મદા કેનાલના બ્રિઝે પહોંચ્યો જ છું ત્યાં ઘોર અંધારમાં સ્પ્લેન્ડરના દિવા જેવા પ્રકાશમાં કેનાલ પર કંઈક સળવળાટ દેખાયો હતો.બાઈક હજુ નજીક જાય ત્યાં તો નરી આંખે એક પુરુષ દેખાયો જેનો એક પગ કેનાલની પાળી પર ઢાળીને તે લટકી ગયો હતો.."ઓ.. ઓ.. ઓય મહાદેવ નીચે ઉતર" મારા મોંમાંથી ચીસ નખાઈ ગઈ.. તેણે આત્મહત્યા કરવાની કોશિશ વધારી.. પણ મારી રાડ પાડવાની ક્ષણે જ તેનાથી મારી તરફ જોવાઈ ગયુ... તત્તક્ષણ અમારા બંનેવની "આંખો ચાર થઈ".. આછા પ્રકાશમાં મેં એના મોં પર આછું સ્મિત જોયુ. તેનાથી લગભળ ૧૫ ડગલાં દૂર બાઈક રસ્તા પર ફેંકી હું મુઠ્ઠીઓ વાળીને મનમાં મહાદેવનું સ્મરણ કરી ફૂટપાથ પર દોડ્યો..સુમસામ રસ્તો.. દોટ મુકતા વાહનો સિવાય ત્યાં રસ્તામાં કોઈ નહીં.. હાથ હલાવતો જાવ ને "ઓયયય... મહાદેવ નીચે ઉત્તર" બોલતો જાઉં... કૂદકો મારી કાચી સેકન્ડમાં મેં આત્મહત્યા કરવા માટે પાણીમાં કુદવા જતા માણસનો કાંઠલો પકડી લીધો..જોરથી જયારે મેં એનો કાંઠલો પકડ્યો હતો ત્યારે તે માણસ 'પાણી વિના માછલી જેમ તરફડે' તેમ આત્મહત્યા કરવા માટે તરફડતો હતો..છૂટીને પાણીમાં કૂદવા અને પકડી રાખી બચાવવા માટે મારી અને એ માણસની વચ્ચે એક મિનિટનો જંગ ચાલ્યો.. બીજી મિનિટે ત્યાં એક ટ્રક ધીમો પડ્યો..ચાલુ ટ્રક મૂકી ડ્રાઈવરે દોડી આવી પેલાનો પગ પકડી લીધો.. મહા મહેનતે આત્મહત્યા કરવા જનરને કેનાલની પાળી પરથી બંનેવે નીચે ઉતાર્યો.. બરોબર કચકચાઈને પકડ અમે બંનેવે પેલાને માંડ- માંડ બાંકડા પર બેસાડ્યો.. 'શું કરવું છે?', 'શુકામ મરવું છે?', જિંદગી કેટલી કિંમતી છે ખબર છે?', 'તું મરી જઈશ તો તારા બાળકો રજળી પડશે તેનો તે વિચાર કર્યો છે?' જેવા



અમારા બંનેના ઘણાબધા પ્રશ્નોના બાણથી ઘવાઈને પેલો ત્યારે હતપ્રભ થઈ ગયો... દસ મિનિટ સુધી અમે બને એ જાણી જોઈને ચલાવેલા ખેલનાં અંતે હાઈવે ઉપર રાઉન્ડમાં ફરતી પીસીઆર વાન ત્યાં આવી પહોંચી.. ગભરાયેલા મારા મનમાં હવે જુશો- જોશ, જુનુન સાથે કંઈક કર્યાનો ગર્વ આવી ગયો હતો.. પોલીસને લગ્યુ કે કંઈક મારામારી- ઝપાઝપી થઈ છે પણ પછી મેં આખી ઘટના એમને કહી સંભળાવી..હંમેશા સમાવાળાને ગુનેગારની નજરે જોતી પોલીસની આંખોમાં પહેલીવાર મેં માનના ભાવ જોયા..પૂછતાછ શરુ થઈ... મેં મારું અખબારનું કાર્ડ બતાવી માનવતાના ધોરણે ટ્રક ડ્રાઈવરને દૂર સુધી જાવાનું હોવાથી તેને જવા દો તેવી પોલીસેને રિકવેસ્ટ કરી.. પોલીસે તેનો બરડો થાબડી શાબાશી આપી માનભેર વિદાઈ કર્યો... વાયરલેસ કૉલ જતા નર્મદાકેનલ જેની હદમાં છે તે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનની પીસીઆર વાન પણ ત્યાં આવી પહોંચી... પૂછતાછ વધતા ખબર પડી કે આત્મહત્યા કરવા જનારો માણસ અમદાવાદના એક પોલીસ સ્ટેશનમાં નોકરી કરે છે અને જાતે ક્ષત્રિય હતો. વસંતપંચમીનું પરોઢિયું થવા આવ્યું હતું...પછી તો અમે બધા ગાંધીનગર ઈન્ફોસિટી પોલીસ સ્ટેશન સેક્ટર-૭ ગયા.. ત્યાં જઈ તેના "સગા-વહાલા"ને બોલાવ્યા.. જાણવાજોગ ફરિયાદમાં બધાના જવાબ નોંધાયા... મેં સહી કરી.. બીજા બધાની સહી લેવાઈ... પોલીસકર્મીઓએ મને માનભેર બેસાડી ચા- પાણી પીવડાવ્યા... પેલા ભાઈના સગા રોતા મારા પગે પાડી ગયા ને ઢગલા મોઢે દુઆઓ- આશીર્વાદ આપ્યા.. "દેવદૂત" તરીકેના અહેસાસ સાથે અહીં મારું કામ પૂરું થતા હવે મેં હાથ જોડીને સૌની રજા લીધી.. છેલ્લે ગૃહ કંકાસથી હારેલા તે ભાઈને ગળે મળી મેં તેની રજા લીધી..ત્યાંથી નીકળતી વેળાએ તેમના છેલ્લા શબ્દો મારા કાને પાડ્યા... "મહારાજ મને તમે કેમ બચાવ્યો.. મને મારવા દેવો તો ને.." તેના છેલ્લા શબ્દો સાંભળી હું "નિઃશબ્દ" બની ગયો પણ મારા મનમાંથી ઉચારો સરી પડ્યાં કે, "આજની રાત કાઢી નાખ વસંતપંચમીનો સૂરજ તારી જિંદગીમાં વસંત ભરી દેશે અને તને આ જિંદગી જિંદા દિલી લાગવા માંડશે..."



**ઉમા આર્ટસ અને નાથીબા કોલેજમાં વસંતપંચમીની ઉજવણી**

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજમાં વસંતપંચમી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ડૉ. હરિતભાઈ પટેલની પ્રેરણા અને ડૉ. જે.વી. પટેલના માર્ગદર્શન હેઠળ ઉજવણી કરવામાં આવી હતી. ડૉ. મનુભાઈ પરમારે વસંતઋતુની જીવનમાં મહત્તા સમજાવીને કાર્યક્રમની શરૂઆત કરી હતી. મુખ્ય વક્તા ડૉ. નરેશભાઈ દવેએ ભારતીય પરંપરામાં વસંતપંચમીનું મહત્વ સમજાવ્યું હતું. શીતલ ઝાલા, નિષ્ઠા શાહ, શીતલ ઝાલા અને પીંકી ઠાકરે પોતાના વક્તવ્યો રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. હરેશભાઈ પટેલ, ડૉ. ભરતભાઈ તડવી, ડૉ. પ્રતાપ જોષીપુરા, ડૉ. રીટા ગાંધી, ડૉ. જ્યોતિબેન પંચાલ, ડૉ. શ્રૃતિ સુથાર, હેતલબેન સહિત કોલેજની વિદ્યાર્થીનીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

# લોકરક્ષકની લેખિત પરીક્ષા ૧૦ એપ્રિલે લેવાશે

લોકરક્ષક દળ (LRD)ની લેખિત પરીક્ષાને લઈને મોટા સમાચાર જાણવા મળી રહ્યા છે. જેમાં લોકરક્ષક ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે ટ્વિટ કરીને મહત્વની જાણકારી આપી છે. હસમુખ પટેલે ટ્વિટ કરીને જણાવ્યું કે લોકરક્ષકની લેખિત પરીક્ષા તારીખ ૧૦ એપ્રિલ, રવિવારના રોજ લેવામાં આવશે. અહીં નોંધનીય છે કે ગુજરાતમાં હાલ ઁજૈ અને ન્ઇઠ્ઠની ભરતી ચાલી રહી છે. જેની શારીરિક કસોટી હાલ તારીખ ૨૯મી જાન્યુઆરીએ જ સમાપ્ત થઈ. ત્યારે હવે આ શારીરિક કસોટીમાં પાસ થયેલા ઉમેદવારોની લેખિત પરીક્ષા યોજાવાની છે. આ લેખિત પરીક્ષા માટેની તારીખની જાહેરાત થઈ ગઈ છે. ન્ઇઠ્ઠની દોડની પરીક્ષામાં પાસ ઉમેદવારોની લેખિત પરીક્ષા તારીખ ૧૦ એપ્રિલ, ૨૦૨૨ના રોજ યોજાશે. ન્ઇઠ્ઠ ભરતી બોર્ડના ચેરમેન હસમુખ પટેલે ટ્વિટ કરીને આપી હતી.




**એ.વી.વી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં વસંતપંચમીની ઉજવણી**

એ.વી.વી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં સરસ્વતી વંદનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શાળામાં સરસ્વતીની પૂજા અર્ચના કરવામાં આવી હતી. બાળકોએ સરસ્વતી મા ની વિવિધ ફૂલોથી કલાત્મક રંગોળી બનાવી હતી. જેમાં સૌ કોઈ પીળા તથા કેસરી વસ્ત્રો ધારણ કરી આવ્યા હતા. ડ્રાફ્ટની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતા. આ કાર્યક્રમમાં વાલીઓ તથા બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## વધુ ૨૪૩ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૦ વર્ષ કે તેથી ઓછી વય ધરાવતા ૧૦ દર્દી નોંધાયા છે. સરગાસણ, વાવોલ, કુડાસણ, સે. ૬ માં આવા બે-બે દર્દીઓ નોંધાયા છે.

સે. ૨૨ માં ૭ વર્ષનો દિકરો, સરગાસણમાં ૩ વર્ષનો દિકરો, કુડાસણમાં ૫ વર્ષનો દિકરો, સરગાસણમાં ૯ વર્ષનો દિકરો, સે. ૩ માં ૧૦ વર્ષનો દિકરો, સે. ૬ માં ૧૦ વર્ષનો દિકરો, કુડાસણમાં ૧૦ વર્ષનો દિકરો, વાવોલમાં ૪ વર્ષની દિકરી, વાવોલમાં જ ૪ વર્ષની દિકરી તેમજ સે. ૬ માં માત્ર ૧૦ મહિનાની આયુ ધરાવતી દિકરી સંક્રમિતોની યાદીમાં છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર કુડાસણમાં ૩૭, સરગાસણમાં ૨૬, વાવોલમાં ૧૨, રાંદેસણમાં ૧૦, રાયસણમાં ૯ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત પેથાપુરમાં ૪ કેસ, ઝુંડાલમાં ૪ કેસ, આઈઆઈટીમાં ૬ કેસ કોબામાં ૧ કેસ નોંધાયેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં કુડાસણ, સરગાસણ, રાંદેસણ, રાયસણ, વાવોલ ત્રીજી લ્હેરમાં પણ હોટ સ્પોટ તરીકે ઉભરી આવ્યા હોવાથી આ વિસ્તારમાં સઘન સર્વેલન્સ અને ટેસ્ટીંગમાં વધારો કરવાની સૂચનાઓ આપવામાં આવી છે. શહેરના સે. ૨ માં ૧૮, સે. ૩ માં ૧૬, સે. ૪ માં ૧૫, સે. ૮ માં ૧૪, સે. ૧, ૬, ૧૨ માં ૬-૬ કેસ નોંધાયા છે.

સે. ૨૨, ૨૮ માં ૫-૫ કેસ, સે. ૫, ૨૩, ૨૭ માં ૪-૪ કેસ, સે. ૭, ૨૪, ૨૯, ૩૦ માં ૩-૩ કેસ નોંધાયા છે. આ ઉપરાંત અન્ય સેક્ટોરમાંથી પણ છુટાછવાયા કેસો મળી આવ્યા છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આ રેટ ૭૮ ટકાની આસપાસ છે. શહેરમાં આજે વધુ ૩૨૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૧૦ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવેલા છે. શહેરમાં આજે પણ ૧૮૦૦થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

## કેસોમાં ઉછાળો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં ૨૬ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે તો ૧૧ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયજૂથના છે. ગ્રામ્ય વિસ્તારમાં મહિલા, વયસ્કો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

દહેગામ તાલુકામાં સાંપામાં ૨, રખિયાલમાં ૩, દહેગામ શહેરમાં ૫ કેસ તેમજ બહિયલ, સિસોરીયા, અરજણજીના મુવાડા, માધાપુરા, વડવાસા અને સાણોદામાંથી કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં વા. રાઠોડમાંથી ૨, ડભોડામાંથી ૨, રૂપાલમાંથી ૨, ચિલોડા-છાલા, ઉનાવા, ઉવારસદમાંથી ૩-૩ કેસ, વાસણમાંથી ૪ કેસ, અડાલજમાંથી ૧૦ કેસ મળવા ઉપરાંત સરઢવ, જાખોરા, સાદરા, ગિયોડ, ચંદ્રાલા, લવારપુર, નવા પાલજ, શેરથામાંથી પણ કેસ મળી આવેલ છે. કલોલ તાલુકામાં રાંચરડા, સાંતેજ, દંતાલીમાંથી ૨-૨ કેસ, બોરીસણા અને જાસપુરમાંથી ૪-૪ કેસ ઉપરાંત કલોલ શહેરમાંથી ૧૫ કેસ મળી આવેલ છે. તાલુકાના અદાણી શાંતિગ્રામ, વડસર, ભોંયણ, મોખાસણ, ડિંગુચા, સઈજ અને પલોડિયામાંથી પણ કેસો મળી આવેલ છે.

માણસા શહેરમાંથી બે કેસ ઉપરાંત બાપુપુરા, વિહાર, રંગપુર, ડોડીપાલ, સોજા, અંબોડ અને ગ્રામભારતીમાંથી પણ કેસો મળી આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૦૦ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમની અમલવારી અસરકારક રીતે કરવા સાથે ટ્રેસીંગ અને ટેસ્ટીંગને પણ સઘન બનાવવા પર ભાર મુક્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે પાંચ દર્દીને સઘન સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. ધીમી ગતિએ દર્દીઓને હોસ્પિટલાઈઝેશન શરૂ થયુ હોવાથી તંત્રની ચિંતા વધી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતા તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૧૫૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ત્રણ દિવસમાં ૩૦૦થી વધુ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૮૦૦થી વધુ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૭ હજાર લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

## ઓફલાઈન શિક્ષણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુંજશે જો કે આગામી તા ૧૦ ફેબ્રુઆરીથી શાળાઓમાં પ્રિલિમ પરીક્ષાઓ પણ શરૂ કરવામાં આવનાર છે. ત્યારે ધો -૧૦ થી ૧૨ માં હાલ પણ વિદ્યાર્થીઓની પાંખી હાજરી નોંધાય છે. વિદ્યાર્થીઓને ઓફલાઈન શિક્ષણ માટે શાળાએ મોકલવા માટે વાલીઓની સંમતિ અનિવાર્ય હોવાથી હજુ ઓફલાઈન શિક્ષણની ગાડી પાટે ચઢતા વાર લાગે તેમ લાગી રહ્યુ છે.

## ઉદ્યાનો બનાવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાગણી વ્યાપી છે. જયારે આ ઉદ્યાનોની યોગ્ય જાળવણી માટે આગામી પાંચ વર્ષ સુધી જવાબદાર એજન્સીને જ નિભાવણી કરવાની રહેશે ગાંધીનગર શહેરી વિસ્તારમાં બગીચાઓનુ નિર્માણ કરાયા બાદ હવે કોર્પોરેશનમાં સમાવિષ્ટ નવા વિસ્તારમાં પણ તબક્કાવાર ઉદ્યાનોની હરિયાળી નિખરે તેવા પ્રયાસ કરાશે. આ માટે કોર્પોરેશન દ્વારા અત્યારથી પ્લાનીંગ કરવામાં આવી રહ્યુ છે. ન્યુ ગાંધીનગરનો વિસ્તાર અલબત્ત આસપાસના એરિયા અત્યાર સુધી ગુડા હસ્તક હોવાથી ગુડા દ્વારા પણ ઘણાં ઠેકાણે બગીચાઓનુ નિર્માણ કરાયુ છે. ગ્રીન સીટી ના કન્સેપ્ટને વેગ આપવા માટે કોર્પોરેશન પણ હવે આ નવા વિસ્તારમાં બગીચાઓની રોનક નિખરે તે દીશામાં આયોજન કરશે. જો કે આ વિસ્તારમાં બગીચાઓ તૈયાર કરવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. સેકટરોમાં લાંબા સમય બાદ ઉદ્યાનોની રોનક નિખરી છે. એક સમયે જાળવણીના અભાવે ઉજ્જડ બનેલા ઉદ્યાનો અસમાજિક તત્વોનો અડ્ડો બન્યા હતા ત્યારે બગીચાઓના નવિનીકરણ બાદ હવે સમયાંતરે યોગ્ય જાળવણી પણ થાય તે અનિવાર્ય હાવાનો સુર પણ સ્થાનિકો ઉટાવી રહ્યા છે.

## અદ્યતન બસ સ્ટોપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતા જેમાં સી સી કેમેરા અને એલ ઈ ડી સ્ક્રીનની પણ સુવિધા ઉપલબ્ધ કરાઈ હતી. જેના આધારે બસમાં અપડાઉ કરતા મુસાફરોને બસ સ્ટોપ પરથી બસનુ ટાઈમ ટેબલ પણ ઉપલબ્ધ થતુ હતુ પરંતુ ટુંકા સમયગાળામાં જ બસ સ્ટોપ પરથી સ્ક્રીન તેમજ કેમેરા અદ્રશ્ય થઈ ગયા હતા ગાંધીનગરના એસ ટી ડેપોમાં પણ મુસાફરોની સલામતી અને સુવિધાઓના નામે મીંડુ છે. ત્યારે બસ સ્ટોપ પાછળ ખર્ચાયેલા પૈસા પણ પાણીમાં ગયા હોવાનો આક્રોશ સ્થાનિકોમાં પ્રવર્તયો છે. જો કે હાલ પણ શહેરમાં બાકી રહેતા સ્ટોપ પર અદ્યતન સ્ટેન્ડ બનાવાની કામગીરી ચાલુ છે. હાલ સે-૮ ના કોર્નર પાસે બસ સ્ટોપ તૈયાર કરવામાં આવી રહ્યુ છે. શહેરમાં બસ સ્ટોપ પરથી અપડાઉન કર્તાઓને સઘળી માહીતી મળી રહે તેમજ નો પાર્કીંગ ઝોનમાં મુસાફરોની સલામતી પણ જળવાઈ રહે તે માટે સ્માર્ટ સીટી ના ભાગરૂપે નવા બસ સ્ટોપને પણ સુવિધાસભર બનાવવાની યોજના હાથ ધરવામાં આવી છે. ધારાસભ્યો અને સાંસદની ગ્રાન્ટમાંથી બસ સ્ટોપનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ પરંતુ હાલની સ્થિતિએ વિવિધ સેકટરોમાં સ્થિત બસ સ્ટોપ જાળવણીના અભાવે શ્રમિકોનુ આશ્રય સ્થાન બન્યા છે. ત્યારે બસ સ્ટોપ અને મુખ્ય ડેપોમાં સલામત સવારીના મુસાફરોની સલામતીની વ્યવસ્થા કાયમી ધોરણે જળવાય તે મુજબ કામ થાય તેવી પણ લાગણી પ્રબળ બની છે.

## ભૂકંપના આંચકા

● અનુસંધાન પહેલાનું ચાલુ

તાઝિકિસ્તાનની સરહદે સ્થાનિકોએ શનિવારે સવારે ભૂકંપના તેજ આંચકાનો અનુભવ કર્યો હતો. ભૂકંપ વિજ્ઞાન રાષ્ટ્રીય કેન્દ્ર દ્વારા મળતી જાણકારી પ્રમાણે શનિવાર સવારે ૯:૪૫ કલાકે ભૂકંપ આવ્યો હતો અને રિક્ટર સ્કેલ પર તેની ૫.૭ જેટલી તીવ્રતા નોંધાઈ હતી. ભૂકંપની તીવ્રતાનો અંદાજો એ વાત પરથી પણ લગાવી શકાય છે કે, તેના ઝાટકા ભારતમાં કાશ્મીરથી લઈને રાજધાની દિલ્હીને અડીને આવેલા નોએડા સુધી અનુભવાયા હતા. અફઘાનિસ્તાન અને તાઝિકિસ્તાનમાં ભૂકંપના કારણે ભારે નુકસાનની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. જોકે હજુ સુધી કોઈ નુકસાનના સમાચાર સામે નથી આવ્યા.

## અનુમાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘટાડો નોંધાયો છે. તેઓએ કહ્યું કે, આપણે કહી શકીએ છીએ કે, ફેબ્રુઆરીના અંત સુધીમાં ઘટાડો આવી શકે છે. રાજ્યના વિશેષજ્ઞોનું પણ કહેવું છે કે, રાજ્યના મોટાભાગના જિલ્લામાં ઘટાડાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. આઈસીએમઆરે આશા વ્યક્ત કરી છે કે, માર્ચ મહિનાના અંત સુધીમાં કોરોનાની ત્રીજી લહેરની વિદાય થઈ શકે છે. જો કે, હજુ પણ લોકોએ કોરોનાના નિયમોનું પાલન કરવું પડશે.

## બજેટનું કદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવા અર્બન હેલ્થ સેન્ટરોના બાંધકામ માટે રૂ. ૫ કરોડની જોગવાઈ છે. તેમણે જણાવ્યુ હતુ કે શહેરમાં નવી હોસ્પિટલ બનાવવા માટેનું કારણ એ છે કે ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું ભારણ ઓછુ થાય તેમજ લોકોને સારી સેવાઓ પ્રાપ્ત થાય એટલુ જ નહિ આરોગ્ય સેવાઓનું સઘનીકરણ કરવુ જોઈએ તેવો પાઠ કોરોના મહામારીમાંથી શીખ્યા છીએ અને આ દિશામાં આ પગલુ ભર્યુ છે. હોસ્પિટલ ક્યાં બનાવવી તે અંગેના સ્થળની પસંદગી ટૂંકમાં કરી દેવામાં આવશે.

તેમણે કહ્યુ હતુ કે મનપાના સભાસદોને અપાતી ગ્રાન્ટમાં ૨૫ ટકાનો વધારો કર્યો છે. તેમને રૂ. ૧૩.૫૦ લાખને બદલે રૂ. ૧૬.૫૦ લાખ આપવામાં આવશે. મેયરની ગ્રાન્ટમાં પણ રૂ. ૪૦ લાખનો વધારો કરવામાં આવ્યો છે. ડે. મેયર અને ચેરમેનની ગ્રાન્ટમાં પણ ૫-૫ લાખનો વધારો કરવામાં આવ્યો છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં નવા બોરવેલ બનાવવા માટે રૂ. અઢી કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

શહેરના સૌંદર્યમાં વધારો થાય તે માટે ગ્રામ તળાવોનો વિકાસ કરી પ્રવાસન યોગ્ય બનાવવામાં આવશે અને તે માટે પણ રૂ. એક કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વરસાદની અનિયમિતતાને ધ્યાને રાખી રિચાર્જ વેલ બનાવવા માટે રૂ. એક કરોડની ફાળવણી કરવામાં આવી છે.

શાળામાં ભણતા વિદ્યાર્થીઓને પ્રેક્ટીકલ જ્ઞાન મળે તે માટે વૈશ્વીક કક્ષાની ઈનોવેશન લેબ પણ રૂ. ૫૦ લાખના ખર્ચે ઉભી કરવામાં આવશે. આ ઉપરાંત "મિશન મિલિયન ટ્રી" પ્રોજેક્ટ માટે રૂ. ૪૦ લાખની ફાળવણી કરવામાં આવી છે. શહેરને ગ્રીન સીટીનું બિરૂદ પાછુ મળે તે માટેના પ્રયાસોમાં કોઈજ કચાશ રખાશે નહિ. શહેરમાં સ્ટ્રીટ વેન્ડિંગ પોલીસીના અમલીકરણ માટે પણ રૂ. ૫ લાખની આવક અને રૂ. પાંચ લાખના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. આના કારણે દબાણની પ્રવૃત્તિને નાથી શકાશે.

પટેલે જણાવ્યુ હતુ કે સ્વચ્છ શહેર અને સ્વસ્થ શહેર બનાવવાનો સંકલ્પ છે અને તેથી સફાઈનો ખર્ચ જે હતો તેમાં વૃદ્ધિ કરવામાં આવી છે.

પટેલે જણાવ્યુ હતુ કે શિક્ષણની જોગવાઈમાં ૧૩ ટકાનો, આરોગ્યની જોગવાઈમાં ૬૦૨ ટકાનો, સફાઈની સેવામાં ૧૮ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ બજેટમાં સર્વ સમાવેશક વિકાસને અગ્રતા આપવામાં આવી છે. બજેટ માટે અમને જે સૂચનો મળ્યા હતા તે માટે અમે નગરજનોના આભારી છીએ. તેમણે કહ્યુ કે શહેરની વસ્તી અને વિસ્તારમાં વધારો થયો છે. ૨૦૨૧ના અંદાજો મુજબ શહેરની વસ્તી પાંચ લાખને પાર કરી ગઈ છે.